# आचार्य हरिभद्र अने तेमनो 'योगदृष्टिसमुच्चय' ग्रंथ

नगीन जी. शाह

महामेधावी उदारचरित महान जैनाचार्य हरिभद्रसूरिए (वि. ७५७-८२७) विपुल साहित्यसर्जन कर्युं छे. तेनी गुणवत्ता पण उच्च कोटिनी छे. तेमणे जैनागमनी टीकाओ लखी छे, जैनागमोना विविध विषयो उपर प्रकरणग्रन्थो लख्या छे, कथाग्रन्थो रच्या छे, दर्शन अने योग विषयक रचनाओ करी छे. वळी, संस्कृत अने प्राकृत बंने भाषामां तेमणे सर्जन कर्युं छे. तेमणे जैनवाङ्मयनां विविध क्षेत्रोमां प्रदान कर्युं छे, एटलुं ज नहि पण ते काळे जे भारतीय जैनेतर विद्यासमृद्धि हती तेमांथी उत्तमोत्तम तत्त्वोने ग्रही संचय करी तेमणे जैनसाहित्यनी श्रीवृद्धि करी छे. तेमनी केटलीक प्रसिद्ध कृतिओनां नाम छे – धूर्ताख्यान, समरादित्यकथा, धर्मबिंदु, ललितविस्तरा, अष्टक, षोडशक, योगबिंदु, योगशतक, योगदृष्टिसमुच्चय, योगविंशिका, अनेकान्तजयपताका, षड्दर्शनसमुच्चय, शास्त्रवार्तासमुच्चय. बौद्ध दिङ्नागकृत न्यायप्रवेश उपर टीका लखी तेमणे सिद्ध कर्युं के ज्ञानसामग्री उपर कोई संप्रदायविशेषनो इजारो नथी. ए तो जे कोई तेनो उपयोग करे तेनी छे. आवा महान आचार्य पोताने साध्वी याकिनी महत्तराना विद्यापुत्र(सूनु) तरीके ओळखावे छे. आमां प्रगट थाय छे तेमना हृदयनी विशाळता अने तेमना चित्तनी निर्मळ उदारता-उदात्तता. अहीं आटलुं ज पर्याप्त छे. विशेष जिज्ञासा धरावनारे पूज्य पंडित सुखलालजीए लखेलुं पुस्तक 'समदर्शी आचार्य हरिभद्र' जोवुं जोईए.

आ निबंधमां आपणो प्रयत्न 'योगदृष्टिसमुच्चय' ग्रंथनी जे केटलीक महत्त्वनी लाक्षणिकताओ छे तेमने संक्षेपमां दर्शाववानो छे.

(१) जैन परंपरामां आध्यात्मिक विकासक्रमनुं निरूपण चौद भूमिकाओ (गुणस्थानो) द्वारा करवामां आवे छे. आ जैन परिपाटी छे. तेथी जैन परिभाषानो प्रचुर प्रयोग होय ए स्वाभाविक छे. तेना बदले योगदृष्टिसमुच्चयमां आध्यात्मिक उत्क्रांति मुख्यपणे आठ योगदृष्टिओ द्वारा समजाववामां आवी छे. वळी, बीजी

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

बे रीते पण आध्यात्मिक विकासक्रम आलेखवामां आव्यो छे. एक रीत छे इच्छायोग, शास्त्रयोग अने सामर्थ्ययोग ए त्रण प्रकारना योगनी क्रमिक भूमिकाओ द्वारा आलेखवानी अने बीजी रीत छे गोत्रयोगी, कुलयोगी, प्रवृत्तचक्रयोगी अने सिद्धयोगी ए चार योगीभेदो द्वारा आलेखवानी. परंतु मुख्य रीत तो छे आठ दृष्टिओ द्वारा आलेखवानी. आ आठ योगदृष्टिओ छे – मित्रा, तारा, बला, दीप्रा, स्थिरा, कान्ता, प्रभा अने परा. आम योगदृष्टिसमुच्चयमां आध्यात्मिक विकासक्रम आलेखननी रीतनी नवीनता छे.

(२) साम्प्रदायिकताने गाळी विविध योगपरंपराओनो समन्वय करवानो स्तुत्य प्रयोग हरिभद्रसूरिए योगदृष्टिसमुच्चयमां कर्यो छे. ते माटे तेमणे अनेक योगशास्त्रोनो अभ्यास करी ते बधांमांथी नवनीत तारव्युं छे. ते पोते ज लखे छे :

**अनेकयोगशास्त्रेभ्यः संक्षेपेण समुद्धृतः ।**
**दृष्टिभेदेन योगोऽयमात्मानुस्मृतये परः ॥**

(३) तेथी एक ज परंपरामां रूढ थयेली परिभाषा के शैलीनो आश्रय न लेतां नूतन व्यापक परिभाषा अने नूतन शैली हरिभद्रसूरिए एवी रीते योजी के जे द्वारा बधी ज योगपरंपराओना योगविषयक मूळगत मंतव्यो केवी रीते एक छे अथवा एकबीजानी तद्दन नजीक छे ए दर्शावी शकाय अने जुदी जुदी परंपराओमां योगतत्त्व विशेनुं जे पारस्परिक अज्ञान प्रवर्ततुं होय तेने यथासंभव निवारी शकाय.

(४) योगनुं प्रयोजन ज चित्तशुद्धि छे, रागद्वेषरूप मळमांथी चित्तनी मुक्ति छे. योगग्रंथमां या तेना लेखकमां आ शुद्धिना दर्शन थवा जोईए. जुदी जुदी परंपराना योगाचार्योने हरिभद्रसूरि बहु आदरपूर्वक उल्लेखे छे, याद करे छे. ते योगभाष्यना कर्ता व्यासने महामति कहे छे, योगसूत्रकार पतंजलिने भगवान् पतंजलि कहे छे, भास्करबंधुने भदंत तरीके उल्लेखे छे. वळी, ते ते परंपराना कपिल, बुद्ध अने जिनने ते सर्वज्ञ तरीके स्वीकारे छे. ते बधा सर्वज्ञ होवा छतां तेमनी देशनामां जणाता भेदनो खुलासो ते श्रोताओनी कक्षाना भेदना आधारे करे छे. तेमनो देशनाभेद विनेयानुगुण्यने कारणे छे एम ते कहे छे. कपिल वगेरे भवव्याधिने मटाडनार श्रेष्ठ वैद्यो (भवव्याधिभिषग्वरो) छे. तेओ व्याधिनी तीव्रतामंदता पारखी पछी ते प्रमाणे औषध आपे छे. एकनुं एक औषध बधा

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

व्याधिग्रस्तोने न अपाय. भिन्न भिन्न परंपराओना समन्वयमां तेम ज तेमनी एकतामां बाधक एवा शुष्क तर्क, वादविवाद अने कुतर्कग्रहने ते योगसाधनाना विरोधी गणे छे.

(५) आठ योगदृष्टिओनी योजनानुं सूचन हरिभद्रसूरिने बौद्ध आचार्य वसुबन्धु रचित अभिधर्मकोश (१.४१)मांथी मळ्युं लागे छे. त्यां कह्युं छे : **चक्षुश्च धर्मधातोश्च प्रदेशो दृष्टिरष्टधा** । आना उपर स्वोपज्ञ भाष्यमां एक वाक्य आ प्रमाणे शरू थाय छे : **समेघामेघरात्रिन्दिवरूपदर्शनवत्**.... । हवे सरखावो योगदृष्टिसमुच्चयना श्लोक १४नो प्रारंभ : **समेघामेघरात्र्यादौ...** । वळी, हरिभद्रसूरिए ओघदृष्टि अने योगदृष्टिनो भेद समजाव्यो छे. श्लोक १३ अने १४मां ते **'योगदृष्टि'** अने 'ओघदृष्टि' पदोनो प्रयोग करे छे. अभिधर्मकोश (५.३७)मां पण आ बे प्रकारनी दृष्टिओ अने आ ज बे पदोनो प्रयोग मळे छे. त्यां (५.३७)मां **तथौघयोगा दृष्टीनां** एवो प्रयोग छे अने (५.३८)मां आवता **द्विधा दृष्टेर्विवेचनात्** ए पादमां आ बे प्रकारनी दृष्टिओना भेदनो निर्देश छे. परंतु अभिधर्मकोशनुं आ बे दृष्टिओनुं विवेचन हरिभद्रसूरिना विवेचनथी साव जुदुं छे. आ उपरथी एटलुं तो निश्चित छे के हरिभद्रसूरि सभाष्य अभिधर्मकोशना अभ्यासी हता अने तेनुं महत्त्व तेमना ख्याल बहार न हतुं. मने लागे छे के अभिधर्मकोशभाष्य, तत्त्वार्थसूत्रभाष्य अने योगभाष्य आ त्रणनो ऊंडाणथी अभ्यास करनारनी दृष्टि अवश्य खुली जाय छे अने मात्र एक परंपराना ग्रंथने जाणनारने जे ज्ञान-भान कदी प्राप्त थतुं नथी ते ज्ञान-भान आ त्रणे परंपराना आ त्रणे ग्रंथोने मुक्त मने वांची समजनारने एकाएक प्रगट थाय छे. बौद्ध बुद्धघोषकृत 'विसुद्धिमग्ग' पण योगना जिज्ञासुओए अवश्य वांचवो जोईए. तेनुं हिन्दी अने अंग्रेजी भाषान्तर थयुं छे.

(६) अभिधर्मकोशमांथी तो आठ योगदृष्टिओनुं सूचनमात्र हरिभद्रसूरिने मळ्युं छे, ज्यारे आठ योगदृष्टिओ द्वारा आध्यात्मिक विकासक्रमनुं विगतवार व्यवस्थित योजनाबद्ध निरूपण तेमनुं पोतानुं आगवुं छे. आठ योगदृष्टिओ द्वारा आध्यात्मिक उत्क्रान्तिनो सिद्धान्त तेमणे पोते ज पतंजलिना आठ योगांगो, बौद्ध भदंत भास्करना आठ चित्तगुणो अने शैव भगवद्‌दत्तनी आठ चित्तदोषमुक्तिओने सांकळी घड्यो छे. आम करीने तेमणे आध्यात्मिक क्रमिक सोपानोना आलेखनमां

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अपूर्व समन्वय साध्यो छे. आठ योगदृष्टिओने जे सार्थक नामो आप्यां छे ते तेमणे पोते ज आपेलां छे, बीजे क्यांयथी लीधेलां नथी. ते दृष्टिओ छे - मित्रा, तारा, बला, दीप्रा, स्थिरा, कान्ता, प्रभा अने परा. आठ योगांगो छे - यम, नियम, आसन, प्राणायाम, प्रत्याहार, धारणा, ध्यान अने समाधि. आठ चित्तगुणो छे - अद्वेष, जिज्ञासा, शुश्रूषा, श्रवण, बोध, मीमांसा, प्रतिपत्ति अने प्रवृत्ति. आठ चित्तदोषो, जेमांथी मुक्ति क्रमशः ते ते दृष्टिमां थाय छे, ते छे - खेद, उद्वेग, क्षेप, उत्थान, भ्रान्ति, अन्यमुद्, रुग् अने आसंग.

(७) आ आठ योगदृष्टिओना निरूपणमां जैन परंपराना गुणस्थान-क्रमारोहसिद्धान्तनी भूमिकाओ कई कई योगदृष्टिमां समावेश पामे छे तेना निर्देशो हरिभद्रसूरिए कर्या छे. वळी, ते सिद्धान्तना केटलाक पारिभाषिक शब्दो जेवा के चरमपुद्गलपरावर्त, यथाप्रवृत्तिकरण, अपूर्वकरण अने अनिवृत्तिकरण पण तेमणे प्रयोजेल छे. मित्रादृष्टिने तेमणे मुख्यार्थमां प्रथम गुणस्थान गणी छे.

**प्रथमं यद् गुणस्थानं सामान्येनोपवर्णितम् ।**
**अस्यां तु तदवस्थायां मुख्यमन्वर्थयोगतः ॥**

छेल्ला पुद्गलपरावर्तमां आ गुणस्थान जीवने होय छे. वळी तेमणे कह्युं छे के दीप्रादृष्टिनी प्रकृष्टताए प्रथम अपूर्वकरणानन्तर ग्रंथिभेद थाय छे अने ते थतां स्थिरादृष्टिनी भूमिका आवे छे. आम स्थिरादृष्टि ए सम्यग्दृष्टि नामनुं चोथुं गुणस्थान छे. परादृष्टिमां द्वितीय अपूर्वकरणथी धर्मसंन्यास अर्थात् क्षायोपशमिक धर्मोनो संन्यास अने तेने परिणामे क्षायिक धर्मो (केवळज्ञान आदि) जन्मे छे एम कह्युं छे. घातिकर्मोना क्षयथी केवळज्ञान अने त्यार पछी अघातिकर्मोना क्षयथी अयोगरूप परम योग प्राप्त थाय छे एम कही सयोगकेवली अवस्था अने अयोगकेवली अवस्थानो स्पष्ट निर्देश कर्यो छे. आम आ परादृष्टिमां अपूर्वकरण नामना आठमा गुणस्थानथी मांडी अयोगकेवली नामना चौदमा गुणस्थान सुधीनो आध्यात्मिक विकासक्रम समावेश पामे छे. 'अयोग' शब्दनो अर्थ छे मन-वचन-कायानी प्रवृत्तिनो अभाव. अहीं 'योग' शब्द जैन पारिभाषिक अर्थमां प्रयोजायो छे.

आम आठ योगदृष्टिओमां जैन, बौद्ध, पातंजल अने शैव परंपरानी योगधाराओनो समन्वय करवानो हरिभद्रसूरिए उमदा प्रयत्न कर्यो छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૮) હરિભદ્રસૂરિએ તે તે યોગમુદ્દા પરત્વે જુદી જુદી યોગપરંપરાના આચાર્યો કેવા એકમત છે, અને તે બધા શબ્દભેદથી કેવી રીતે એક જ વસ્તુ કહે છે એ દર્શાવ્યું છે. પ્રભાદૃષ્ટિમાં નિર્મળ ધ્યાનને પરિણામે અસંગાનુષ્ઠાનરૂપ સત્પ્રવૃત્તિપદ હોય છે એમ કહી આ પદને જુદી જુદી યોગ પરંપરામાં જુદા જુદા નામે ઓળખવામાં આવે છે એમ કહ્યું છે. આ નામો છે - પ્રશાન્તવાહિતા (સાંખ્યયોગ), વિસભાગપરિક્ષય (બૌદ્ધ), શિવવર્ત્મ (શૈવ) અને ધ્રુવાધ્વન્ (મહાવ્રતિક).

(૯) પંડિત સુખલાલજી એમના 'સમદર્શી આચાર્ય હરિભદ્ર' ગ્રંથમાં કહે છે કે ગીતા આદિ અનેક ગ્રંથોમાં 'સંન્યાસ'પદ બહુ જાણીતું છે. કોઈ જૈનાચાર્યે, હરિભદ્ર પહેલાં, એને સ્વીકાર્યું લાગતું નથી. હરિભદ્ર એ 'સંન્યાસ'પદને સ્વીકારે છે એટલું જ નહિ, પણ ધર્મસંન્યાસ, યોગસંન્યાસ અને સર્વસંન્યાસરૂપે ત્રિવિધ સંન્યાસનું વર્ણન કરી એમ સૂચવે છે કે જૈન પરંપરા ગુણસ્થાનો દ્વારા જે વિકાસક્રમ વર્ણવે છે તે આ ત્રિવિધ સંન્યાસમાં આવી જાય છે.

(૧૦) વળી, પંડિતજી તેમના ઉપર્યુક્ત ગ્રંથમાં નીચે મુજબ નોંધે છે : ગીતાકારે માત્ર કર્મના (પ્રવૃત્તિના) સંન્યાસને સંન્યાસ ન કહેતાં કામ્યકર્મના ત્યાગને સંન્યાસ કહેલ છે, અને નિત્યકર્મ કરવા છતાં તેના ફળમાં અનાસક્ત રહેવા ઉપર મુખ્ય ભાર આપી સંન્યાસનું હાર્દ સ્થાપ્યું છે. હરિભદ્રસૂરિએ પણ ગીતાનિરૂપિત સંન્યાસના બે તત્ત્વો યોગદૃષ્ટિસમુચ્ચયમાં નિરૂપ્યાં છે. કામ્ય યા ફલાભિસંધિવાળાં કર્મોનો જ ત્યાગ એ એક, અને જે નિત્ય અને અનિવાર્ય કર્માનુષ્ઠાન હોય તેમાં પણ અસંગતા યા અનાસક્તિ એ બીજું. આ બે તત્ત્વોને સ્વીકારી તેમણે ઇતર નિવૃત્તિપ્રધાન પરંપરાઓની પેઠે જૈન પરંપરાને પણ પ્રવૃત્તિના યથાર્થ સ્વરૂપનો બોધ આપ્યો. આ વસ્તુ જૈન પરંપરામાં પ્રાચીન કાળથી ઉપદેશાયેલી છે જ. કાષાયિક પ્રવૃત્તિથી જ કર્મબંધ થાય છે, કષાયરહિત પ્રવૃત્તિથી કર્મબંધ થતો નથી. એટલે પ્રવૃત્તિ નહિ પણ કષાયો છોડવાના છે. **કષાયમુક્તિઃ કિલ મુક્તિરેવ ।** આ જ વાતને હરિભદ્રસૂરિએ વ્યાપક પરિભાષામાં સુંદર રીતે રજૂ કરી છે.

(૧૧) ઉપરાંત, પંડિતજીએ આપણું ધ્યાન એક રસપ્રદ બાબત પ્રત્યે દોર્યું છે, તે નીચે મુજબ છે. ગીતામાં આવતી '**બુદ્ધિર્જ્ઞાનમસંમોહઃ**' પદાવલીનો પ્રયોગ કરી હરિભદ્રસૂરિએ બુદ્ધિ કરતાં જ્ઞાનની અને જ્ઞાન કરતાં અસંમોહની કક્ષા કેવી ચડિયાતી છે તે રત્નની ઉપમા દ્વારા દર્શાવ્યું છે, અને છેવટે તેમણે કહ્યું છે કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सदनुष्ठानमां परिणमतुं आगमज्ञान ज असंमोह छे. बुद्धि, ज्ञान अने असंमोह बोधना त्रण प्रकार छे. इन्द्रियोना आधारे थतो बोध बुद्धि छे, आगमपूर्वक थतो बोध ज्ञान छे, अने आ ज्ञाननुं सदनुष्ठानमां परिणमवुं ए ज असंमोह छे.

(१२) धर्मग्रंथोनां लेखन, पूजन, दान, आदिने हरिभद्रसूरिए योगबीज गण्युं छे. योगदृष्टिसमुच्चयनो '**लेखना पूजना दानं**' इत्यादि आखो श्लोक तेमणे बौद्ध आचार्य मैत्रेय रचित 'मध्यान्तविभाग'मांथी लीधो छे, तेमणे रचेलो नथी. आ दर्शावे छे के बौद्ध साधनामार्गने तेमणे आत्मसात् करी लीधो हतो अने बौद्ध परंपरानुं तेमने ऊंडुं ज्ञान हतुं. जैनो पण आगमपूजन आदिने सम्यग्दृष्टिनी धर्मप्रवृत्ति गणे छे.

(१३) सर्वज्ञोनो देशनाभेद श्रोताओनी कक्षाओना भेदने कारणे छे ए हरिभद्रसूरिना कथनना मूळमां महायानना उपायकौशल्यनो सिद्धान्त लागे छे. महायानसूत्र सद्धर्मपुंडरीकना बीजा परिवर्तनुं नाम ज उपायकौशल्य छे. महायानना प्रसिद्ध ग्रंथ बोधिचर्यावतारनो नीचेनो श्लोक जुओ.

**देशना लोकनाथानां सत्त्वाशयवशानुगा ।**
**भिद्यते बहुधा लोक उपायैर्बहुभिः पुनः ॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org